# પ્રકરણ - ૨

# સંગીતાધ્યાય

ભારતમાં સંગીત શબ્દનો ઉપયોગ ગાયન,વાદન તથા નૃત્ય કલાઓનાં અર્થમાં કરવામાં આવ્યો છે. સંગીત મૂળ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. જેની ઉત્પત્તિ 'ગૈ' ધાતુમાં 'ક્ત્' પ્રત્યયના સંયોગથી 'ગીત' શબ્દ બન્યો અર્થાત્ 'ગૈ+ક્ત્' = ગીત. ગીત શબ્દના પૂર્વે 'સમ' ઉપસર્ગ લાગીને સંગીત શબ્દ બન્યો છે. અર્થાત્ 'સમ્+ ગૈ+ક્ત્=સંગીત' (સમ્ + ગીત = સંગીત) સમ્નો અર્થ 'સામ્યક' અર્થાત્ સારી રીતે અને ગીતનો અર્થ 'ગાન' છે. એટલે કે સંગીત શબ્દનો પૂરો અર્થ સારૂ સુશોભિત ગાન થાય છે. સંગીત શબ્દમાં 'સમ્ ' ઉપસર્ગ અર્થાત્ સામ્યકનો હેતુ વાદન અને નર્તનથી છે. એટલે કે ગાનને અલંકારીત કરવા માટે જ્યારે તેની સાથે વાદન અને નર્તનનો પણ સમાવેશ થાય છે. ત્યારે સંગીત શબ્દનો અર્થ પૂર્ણ થાય છે. તેથી જ સંગીતની પરિભાષા...

**गीतं वाद्यं तथा नृत्तं त्रय संगीत मुच्येत ।।२।।** [૧]

(સં.ર - પ્રથમ સ્વરગત અધ્યાય પ્રથમ પ્રકરણ)

અર્થાત્ 'ગાયન, વાદન તથા નૃત્યને સંગીત કહે છે.'

સંગીત શબ્દ પૌરાણિક કાળથી ચાલી આવતો શબ્દ છે. પ્રાચીન કાળના સંસ્કૃત ગ્રંથોમાં 'સંગીત' અથવા 'સંગીતક' શબ્દનો ઉલ્લેખ મળે છે. સંગીત શબ્દમાં 'ક્ત્' પ્રત્યય લગાવીને સંગીત શબ્દ બને છે. એવું પ્રતીત થાય છે કે પ્રાચીનકાળમાં 'સંગીતક' શબ્દના અંતર્ગત ગાયન, વાદન,નૃત્ય તથા અભિનયનો સમાવેશ કરવાથી તે સંદર્ભમાં 'સંગીતક' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હશે. પરંતુ અભિનય નૃત્ય સાથે સંકળાયેલા હોવાથી તેને અલગ ન માનતા સંગીત અથવા સંગીતિક શબ્દના અંતર્ગત ગીત (ગાયન),વાદ્ય (વાદન) તથા નૃત (નૃત્ય) આ ત્રણેનો સમાવેશ માનવામાં આવ્યો ત્યાર પછી સંગીતની પરિભાષા...

**गीतं वाद्यं तथा नृत्यं त्रयं संगीतमुच्यते ।।** [૧]

(સં મ.)

...આ રીતે થવા લાગી.

સંગીત શબ્દના વિત્પતિગમ્ય અર્થ પર વિચાર કરતા જણાય છે કે સંગીતમાં ગીત અથવા ગાયન મુખ્ય છે. તથા વાદન અને નૃત્ય વગેરેનું કાર્ય તેને સામ્યક બનાવવાનું છે. તેથીજ સંગીતમાં ગીત (ગાયન)ને સર્વશ્રેષ્ઠ અને વાદ્ય (વાદન) તથા નૃત્ય ને સહાયક માનવામાં આવે છે. તેથી ગાયનને સ્વતંત્ર, વાદનને ગિતશ્રિત અને નૃત્યને વાદ્યશ્રિત માનવામાં આવે છે.

**नृत्तं वाद्यनुगं प्रोक्तं वाद्यं गीत्ता नुवर्त्तिच ।।२४।।** (१)

**अतो गीतं प्रधानेत्वादत्रादाव भिधीयते ।।**

(સં.ર પ્રથમ સ્વરગત અધ્યાય પ્રથમ પ્રકરણ)

અર્થાત્: નૃત્ય એ વાદ્યને અનુસરનારુ છે અને વાદ્ય એ ગીતને અનુસરનારુ છે. આથી ગીત મુખ્ય હોવાના કારણે અહીયા પહેલા તેના વિશેની વાત કહેવાય છે.

પ્રાચીન સંસ્કૃત વાઙ્મયમાં સંગીતનો અર્થ 'સામ્યક્ગીતમ્' રહયો છે. વરાહોપનિષદમાં આ પ્રમાણે તેનો અર્થ સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

**संगीत्त ताललयवाद्यवशं गत्तापि मौलिस्थम्म परिरक्षगधीर्नटीवा ॥** (२)

સામ્યક્ગીતમ્ અર્થાત્ 'સંગીત' ગીત,વાદ્ય તથા નૃત્ય તેમ થાય છે. નાટયશાસ્ત્રના અનુસાર ગીત નાટકના પ્રમુખ અંશોમાંથી અન્યતમ છે. તથા વાદન અને નર્તન તેના અનુગામી છે. કાલીદાસના 'મેઘદૂત'માં સંગીત એટલે ગીત,વાદ્ય,અને નૃત્ય ત્રણની આવશ્યકતાનો નિર્દેશ કર્યો છે. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર' માં ગીત,વાદ્ય અને નૃત્ય અને નાટય નો ઉલ્લેખ સહચારી કલાના રૂપમાં કરવામાં આવ્યો છે.

'વિષ્ણુ ધર્માત્તર' પુરાણમાં વાદ્ય તથા નૃત્યને ગીતના અનૂવર્તી માન્યા છે. નૃત્યકલા માટે ગીત તથા વાદ્યનો અભ્યાસ જરૂરી છે. તેવું ક્હેવામાં આવ્યું છે.

'માનસોલ્લાસ'ના લેખક સોમેશ્વર સંગીતની વ્યાખ્યા ગીત,વાદ્ય,તથા નૃત્યની જગ્યાએ તેઓએ ગીતવિનોદ, વાદ્યવિનોદ અને નૃત્યવિનોદ શબ્દનો ઉપયોગ કર્યો છે. વિનોદ શબ્દનો અર્થ 'આનંદ' તેઓએ કર્યો છે. તેઓએ સ્પષ્ટ પણે જણાવ્યું છે કે જેમાં લોકોને વિનોદ(આનંદ) મળે તેજ સંગીત છે.(૭) પરંતુ સંગીતને લલિત કલામાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. સંગીતના શ્રેષ્ઠત્ત્વના ગુણગાન ઘણા કવિઓ,લેખકો, સંગીતજ્ઞો તથા વેદો,પુરાણોએ ગાયા છે.

સાક્ષાત ભગવાન વિષ્ણુ કહે છે કે ' ના હું વૈકુંઠમાં રહું છુ, ન તો યોગીઓના હૃદયમાં, હું તો ફકત ત્યાંજ વસુ છુ જયાં મારા ભક્તગણ ગાન કરે છે.' શું ભગવાન વિષ્ણુ કહે છે તેથી આ વાત સત્ય છે? પરંતુ એ વાત સત્ય છે કે બાકીની સમસ્ત કલાઓમાં જે નથી તે સંગીતમાં છે અને તે જ ચૈતન્ય છે. પ્રકાશ અને ધ્વનિ આ બંને આવશ્યક ઉર્જાઓ છે. જે સમસ્ત વિશ્વમાં વ્યાપત છે. ચિત્રકલાનો આધાર છે. કાગળ,રંગ અને કલાકારની દૃષ્ટિ; શિલ્પકલામાં ધાતુ માટી અને નિર્જીવ પદાર્થોમાં ભાવના પેદા કરવાનું પરંતુ સંગીતનો મૂળ આધાર ધ્વનિ છે. જે સ્વયં ચૈતન્યશીલ છે. ચૈતન્યશીલતાથી ભરેલી આ કલા ક્યારેય અચેતન હોઈ શકે ?

ચિત્રકલા,શિલ્પકલા મૌન રહી ને દર્શકોની ઈન્દ્રીયોને આનંદ આપે છે. કાવ્ય દિલ,દિમાગ આ બંનેનું રંજન કરે છે. પરંતુ સંગીત આખા શરીરને ચૈતન્યદાયી ઉત્સાહી બનાવી દે છે. ધ્વનિના તરંગો શ્રોતાઓની અંદરસ્થિત ચૈતન્યને જાગૃત કરે છે. જેના કારણે ક્યારેક ગીત સાંભળીને નાચવાનું મન થઈ જાય છે.

અધ્યાત્મમાં કહેવામાં આવે છે કે ' જે શિવમાં છે તે જ જીવમાં છે' શિવમાં એક સર્વ શક્તિમાન તાકાત છે. સર્વ ઉર્જાઓનું મૂળ સ્ત્રોત આનો જ અંશ જીવમાં છે. તો જીવમાં પણ ધ્વનિ છુપાયેલો છે. બ્રહ્મમાં નાદ છે તો સંગીત નાદ બ્રહ્મ છે. બ્રહ્મ અને જીવનો અતૂટ સંબંધ રાખવાવાળી એક રેખા છે. અને આજ નાદની રેખાના સહારે આપણે બ્રહ્મ સુધી પહોંચી શકીએ છીએ. સંગીતથી બ્રહ્મ પ્રાપ્તિ થાય છે. એનો સીધો મતલબ એ છે કે 'સુપ્રિમ પાવર'નો સીધો સંપર્ક રાખવાવાળી આ કલામાં આ જ વિશેષત્ત્વ છે અને અન્ય કલાઓમાં ભિન્નત્ત્વ.

''मद्भक्ताः यत्र गायन्ति तत्र तिष्ठामि नारद ''

અર્થાત્ કે જ્યાં સંગીત છે, આંશિક રૂપમાં મારી ઉર્જા, મારુ અસ્તિત્ત્વ છે. નાદ મારુ જ એક રૂપ છે. તેથી જ જ્યાં સંગીત છે ત્યાં ત્યાં હુ છું આજ સંગીત નુ શ્રેષ્ઠત્ત્વ છે.

સંગીત કલાએ કેવળ પરમાર્થિક માર્ગમાં ઉપયોગી છે. પરંતુ આમ-આદમીના જીવનમાં પણ રંગ ભરી દે છે. કહેવાય છે કે 'જીવન એક સંગીત છે.' ફક્ત આ વિધાન સંગીતની દિશા દર્શાવી શકતું નથી પરંતુ સંગીત ખરેખર એક જીવન છે. સંસારનો કોઈ પણ વિષય સંગીતથી અલગ રહી શકતો નથી. ક્યાંક ને ક્યાંક તેનો સંબંધ સંગીતથી છે. સંગીત સર્વવ્યાપી છે. દરેક ક્ષેત્રમાં અલગ-અલગ રૂપમાં જોવા મળે છે. સંગીતમાં યોગ છે,સાહિત્ય છે,વિજ્ઞાન છે,ગણિત છે,ભૌતિક શાસ્ત્રછે, ભૂગોળછે, ઈતિહાસ છે,રસશાસ્ત્રછે,માનસશાસ્ત્રછે. દરેક વિષયમાં સંગીત કોઈને કોઈ રીતે સંકળાયેલું છે. દુ:ખ હોય કે સુખ, શોક હોય કે આનંદ કોઈપણ પરિસ્થિતમાં સંગીતનું અસ્તિત્ત્વ સ્વિકારવું જ રહયું. સંગીત દુ:ખીઓને મમતા, સુખીઓને મિત્રપ્રેમ, થકાવટને મનોરંજન દરેક ભૂમિકા નિભાવે છે. સંગીતનું આજ છે શ્રેષ્ઠત્ત્વ.

માનવજીવનનું ચરમલક્ષ્ય છે. 'આત્મલાભ'

आत्मलाभान्न परं विद्यते ।।

માનવજીવનની સાર્થકતા આજ આત્મોપલબ્ધિમાં સમજવામાં આવે છે. ઉપનિષદોમાં આત્માનું નિર્માણ પંચકોષોથી બતાવવામાં આવ્યું છે.

અન્નમય, પ્રાણમય,મનોમય, વિજ્ઞાનમય તથા આનંદમય. પ્રથમ બે કોષતો જીવજંતુઓમાં સામાન્ય રૂપથી ઉપલબ્ધ હોય છે. શેષ ત્રણ માનવ જાતિનું સહજ વિભૂતિ છે. આ પાંચમા આનંદમય કોષનું મહત્ત્વ સર્વશ્રેષ્ઠ છે. પરમતત્ત્વનો સાક્ષાત્કાર આજ આનંદમય કોષનું કાર્ય છે. સંગીત આજ આત્મનંદનું માધ્યમ છે. તેથી જ આપણા મુનિઓ,સંગીતજ્ઞોએ કહયુ છે કે સંગીત મનુષ્ય જીવનનું એક એવુ સત્ય છે કે જેના વગર જીવન આનંદ-રહિત તથા નિરસ પ્રતીત થઈ શકે છે.

સંગીતએ ઈશ્વરીય વાણી છે. તેથી તેને બ્રહ્મ રૂપ કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં વર્ણન પ્રમાણે બ્રહ્મા એક અખંડ અદ્વિતીય હોવાથી પણ પરબ્રહ્મા અને શબ્દબ્રહ્મા આ બંને રૂપોમાં કલ્પિત છે. શબ્દબ્રહ્મને સમજી લેવાથી પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

**शब्द ब्रह्माणिनिष्णांतः पर ब्रह्माधिगच्छति ।।** [४]

**If music the inarticulatespeech of the Angels on earth? or a Voice of the undiscovered Bringing great truths to the birth? "Music is the medator between the spiritual and the senual life."**

(F.W.- Fabers.) [5]

અથાત્ શું સંગીત પૃથ્વી ઉપરના ઈશ્વરીય દૂતોની વિશિષ્ટ ભાષા છે ? કે પછી મહાન સત્યોને જન્મ સ્વરૂપ આપનાર કોઈક અજાણી વ્યક્તિનો અવાજ છે ? 'સંગીત આધ્યાત્મિક અને ભૌષિક (લાગણીમય) જીવન વચ્ચેનું માધ્યમ છે.'

**(એફ.ડબલ્યુ. ફેબર)**

ભારતીય મુનીઓ સંગીતને હૃદયમાં રહેલા ભાવોને ખુલ્લા પાડવાના સાધન તરીકે માને છે. અને વળી સંગીતને ધર્મ,અર્થ,કામ અને મોક્ષ પ્રાપ્તિનો સર્વોત્તમ ઉપાય પણ માને છે. આચાર્ય શારંગદેવે પોતાના ગ્રંથ **'સંગીત રત્નાકર'** ના પ્રથમ સ્વરગત અધ્યાયમાં સંગીતના શ્રેષ્ઠત્વનું વર્ણન કરતા કહયું છે કે...

**गीतेन प्रीयते देवः सर्वज्ञः पार्वती पतिः ।**
**गोपी पतिरनन्तोऽपि वींश ध्वनि वशंगतः ।।२६।।**

અર્થાત્ સર્વને જાણનાર પાર્વતી પતિ ભગવાન શિવ ગીત દ્વારા પ્રસન્ન થાય છે. અનંત

એવા ગોપી પતિ ભગવાન શ્રીકૃષ્ણ વાંસળીના ધ્વનિને વશ થાય છે.

**सामगीतिरतो ब्रह्मावीणासक्ता सरस्वती ।**

**किमन्य यक्षगान्धर्व देवदानव मानवाः ॥२७॥**

અર્થાત્- બ્રહ્મા સામવેદના ગીતમાં રચ્યા પચ્યા રહે છે. અને સરસ્વતી દેવી વિણાનાં વાદનમાં આશક્ત છે, તો પછી યક્ષ,ગાન્ધર્વ,દેવ,દાનવ અને માનવનું કહેવું જ શું ?

**अज्ञातविषयास्वादो बालः पर्यङ्किकागतः ।**

**रुदन्गीतामृतं पीत्वा हर्षोत्कर्ष प्रयद्यते ॥२८॥**

અર્થાત્ પારણામાં રહેલો (સૂતેલો) બાળક જેણે વિષયનો સ્વાદ જાણ્યો નથી (સંગીતનું આસ્વાદન કર્યુ નથી) તે રડતો હોવા છતાં હાલરડાનાં ગીતનું અમૃત પીને આનંદનો રસ માણે છે.(રડતો બંધ થઈ જાય છે.)

**वनेचर तृणाहारश्चित्रं मृगशिशुः पशुः ।**

**लुब्धो लुब्धकसंगीते गीतं यच्छति जीवितम् ॥२९॥**

અર્થાત્ વનમાં ફરનારુ તણખલાનો આહાર કરનારુ નાનું એવું મૃગનું પશુ બાળક શિકારીના સંગીતમાં લોભાયેલુ બનીને ગીતમાંજ પોતાનું જીવન અર્પણ કરી દે છે.

**तस्य गीतस्य माहात्म्यं के प्रशंसितुमीशते ।**

**र्मथिकाम मोक्षाणामिदमे वै साधनम् ॥३०॥**

અર્થાત્ તો આ જગતમાં તે ગીતના માહાત્મ્ય નું વર્ણન કરવાને કોણ શક્તિમાન છે ? કે જે ધર્મ,અર્થ,કામ અને મોક્ષનું એક માત્ર સાધન છે. તે સંગીત.

સંગીત રત્નાકરમાં ધર્મ,અર્થ,કામ અને મોક્ષ આ ચારેની પ્રાપ્તિ માટે સંગીતને શ્રેષ્ઠ માનવામાં આવ્યુ છે. મહાન વૈજ્ઞાનિક સર જગદીશચંદ્ર બોઝએ સંગીતના પ્રયોગોથી પરિણામ હાસલ કર્યા છે. જેમ કે ગાય ને ચોક્કસ પ્રકારનું સંગીત સંભળાવવાથી તેના દૂધમાં વધારો તથા વધારે પૌષ્ટિક દૂધ આપે છે,કેટલાક રોગો માટે રોગીને ચોક્કસ પ્રકારનું શાસ્ત્રીય સંગીત સંભળાવવાથી રોગીને રાહત મળી શકે છે. ધીમે ધીમે સમય જતા રોગી પોતાના રોગ માંથી મુક્તિ મેળવે છે તેવું પણ તેઓનું કહેવું છે.[૭]

આચાર્ય કેશવે પોતાના કેશવ-કૌમુદી નામક કાવ્યમાં એક સ્થાનપર સંગીતની મહત્તાનું વર્ણન કરતા કામદેવ અને સંગીતની તુલના કરી છે. જેમાં તેઓએ સંગીતના સૌંદર્ય સામે કામદેવના સૌંદર્ય ને તુચ્છ સિધ્ધ કર્યુ છે.[૮]

વાસ્તવમાં કલા દ્વારા અલૌકિક આનંદની અનુભૂતિ થાય છે. આપણે આ પાંચે લલિતકલાનાં બાહય આવરણને હટાવી લઈએ તો આપણને પ્રત્યેક કલાનું સ્વરૂપ એક સરખુ પ્રાપ્ત થશે 'રસાનુભૂતિ' દરેક લલિત કલાનો ગુણ છે. પરંતુ સંગીતમાં કાંઈક વિશિષ્ટ ગુણો રહેલા છે. જે કેવળ સુંદર જ નહિ પરંતુ કાનને શાંતિ આપવાવાળી આનંદ તથા પ્રેરણા પ્રદાન કરવાવાળી ઉચ્ચકોટીની કલા છે. જીવનની પ્રાણદાયીની ગંગા છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાવાળી બ્રહ્મસહોદર છે. સંગીતએ એક ઈશ્વરીય દેન છે. <u>'લોથર'</u> ના કહેવા પ્રમાણે ("Music is a beautiful and precious gift of God")

વિદ્વાનોએ લલિતકલામાં સંગીતને સર્વશ્રેષ્ઠ માને છે. જેની પ્રમાણભૂત બાબતો આ પ્રમાણે છે.

- **સુક્ષ્મ સાધના :**

જે કલામાં મૂર્ત સાધનોનો અંશ જેટલો ઓછો થાય છે, તે કલા તેટલી જ વધારે શ્રેષ્ઠ માનવામાં આવે છે. આ દ્રષ્ટિથી જોવા જઈએ તો વાસ્તુ,મૂર્તિ, ચિત્ર આ કલાઓમાં ભૌતિક સાધનો જરૂરી છે. કાવ્ય કલામાં ભૌતિક પદાર્થનો અંશ અત્યંત ઓછો છે. પરંતુ સંગીતની પાસે ફક્ત સ્વર છે. અને તે પણ અમૂર્ત. કવિ,વાસ્તુકાર,શિલ્પકાર માટે તો પ્રકૃતિનો વિશાળ ભંડાર છે, પરંતુ સંગીત કલા

પોતાની જ લાક્ષણિકતા પર ઉભા રહીને પોતાનું સ્વરૂપ પ્રસ્થાપિત કરે છે.

સંગીતની અભિવ્યક્તિનું માધ્યમ સ્વર અને લય છે. જેનો કોઈ સંસારિક વસ્તુથી કોઈપણ પ્રકારનો સંબંધ નથી બાકીની બધી કલાની અભિવ્યક્તિ સાધનો અને સંસારિક વિષયો સાથે સંબંધિત છે. કાવ્યના શબ્દો પણ સંસારિક વિષયોને સમજવા માટે બનાવેલા સંકેત માત્ર છે.

- **પ્રભાવ :-**

બધી કલાઓમાં કાવ્યનો વધારે પ્રભાવ પડે છે. કાવ્યથી પણ વધારે પ્રભાવશાળી સંગીત કલા છે. કારણ કે કાવ્યથી વ્યક્તિ પર પ્રભાવ પડે છે. પરંતુ જે ભાષાથી અનભિજ્ઞ હોય તેનો તે વ્યક્તિ પર શો પ્રભાવ પડશે ? કાવ્ય નું માધ્યમ શબ્દ છે. જ્યારે સંગીતનું માધ્યમ છે સ્વર અને લય જે સુક્ષ્મ હોવા છતાં પ્રચંડ શક્તિમાન છે.

- **આધ્યાત્મિક આનંદની પ્રાપ્તિ :-**

આધ્યાત્મિક આનંદની પ્રાપ્તિ સંગીત દ્વારા થઈ શકે છે. બીજી કોઈપણ કલામાં આધ્યાત્મિક આનંદની પ્રતીતિ નહિં થઈ શકે. 'મહર્ષિ અરવિંદ'ના શબ્દોમાં સંગીત મુલતઃ એક ધાર્મિક તથા આધ્યાત્મિક કલા છે. જેના પથ પર ચાલીને આપણું લક્ષ 'પરમતત્ત્વ' સુધી પહોંચવાનુ છે. અન્ય કલા સંગીતના આ ગુણની બરોબરી કરી શકતી નથી. સંગીત અને અધ્યાત્મ વિશે ઘણું લખી શકાય તેમ છે. આ ઉપરાંત આગળ પણ સંગીત-અધ્યાત્મની ચર્ચા કરવામાં આવી છે.

- **સર્વાધિક લલિત કલા સંગીતઃ-**

લલિતકલાનો અર્થ એ થાય છે કે જે કલા આનંદ સૌંદર્ય પ્રદાન કરે તે આ ગુણને ધ્યાનમાં લેવાથી માલુમ થાય છે કે સંગીત આ ગુણમાં પણ સૌથી આગળ છે. ઉપરોક્ત સંદર્ભમાં કાવ્ય પણ આવે છે. પરંતુ કાવ્ય કરતા સંગીત વધારે નજીક છે. કારણ કે કાવ્ય ફક્ત તેજ લોકોને આનંદ પ્રદાન કરી શકે છે કે જે લોકો ભાષાથી પરિચિત હોય પરંતુ સંગીત મનુષ્યને જ નહિ પશુ-પક્ષીઓને પણ આનંદ વિભોર કરી દે છે. આ દષ્ટ્રિએ કહી શકાય કે...

*"Music is the universal language of mankind"*

આ દ્દષ્ટિથી પણ અન્ય કલાઓ સંગીતથી પાછળ છે. કાવ્યમાં અભિવ્યક્તિનું સાધન શબ્દો છે. કાવ્ય ખૂબજ સુંદર હોય છતાં ત્યાં સુધી સમજી શકતા નથી જયાં સુધી કાવ્યની ભાષાનું જ્ઞાન ન હોય. જયારે સંગીતથી દરેક પ્રકારની અભિવ્યક્તિ થઈ શકે છે. કોઈક ના ગળામાંથી કે વાદ્યમાંથી દુ:ખ ભર્યા સ્વર નીકળવા લાગે છે ત્યારે વિશ્વનો ખૂણેખૂણો તેને સમજી શકે છે કે ત્યાં કંઈક દુ:ખદ છે.

● 'શોંપેન હોવર' નું કહેવું છે કે 'સંગીતનો સીધો પ્રભાવ હૃદય પર પડે છે. કેવળ સંગીત જ એક એવી કલા છે. જે શ્રોતાઓથી સીધો સંબંધ રાખે છે. તેના માટે કોઈપણ માધ્યમની જરૂર નથી.'(७)

ઉદા.તરીકે સિતાર,સંતુર,સરોદ,બાંસુરી વગેરે વાદ્યોની આપણે ફક્ત કલ્પના માત્રથી જ તેમાં ખોવાઈ જઈએ છીએ આમાં ફક્ત સ્વર અને લયનો એવો સમન્વય થાય છે કે જેના કારણે શ્રોતા ગદ્ગદ્ગીત થઈ ઉઠે છે. આમાં શબ્દોનું બંધારણ નથી. શબ્દો માટે એવું કહી શકાય કે શબ્દ માનવ સંસ્કારીત વિચારોનો સમુહ છે. જેના દ્વારા સાંસારિક રાગદ્વેષ અનુભવી શકીએ છીએ. પરંતુ સ્વર અને લય આપણને કોઈપણ પ્રકારના સાંસારિક રાગદ્વેષનો સંકેત કરતા નથી.

કેટલાક વિદ્વાનોનું એવું કહેવું છે કે સંગીતમાં શબ્દ માટે કાવ્યનો સહારો લેવો પડે છે. પરંતુ વાદ્ય સંગીત આ બાબતોનું જવલંત તથા ઉચ્ચ ઉદાહરણ છે કે જયાં શબ્દ નથી પરંતુ તેનો પ્રભાવ સંપૂર્ણ જગત પર કાવ્ય કરતાં અધિક પડે છે. કારણ કે અહી ભાષાનું બંધન નથી.

● **કલા ના બે પ્રકાર પડે છે.**

**(૧) દશ્ય કલા** - જેમાં શિલ્પ,સ્થાપત્ય અને ચિત્રકલાનો સમાવેશ થાય છે.

**(૨) શ્રાવ્ય કલા** - જેમાં સાહિત્ય અને સંગીતનો સમાવેશ થાય છે.

દશ્ય કલા કરતા શ્રાવ્ય કલા અર્થાત્ સંગીત અને સાહિત્ય કલા આપણી ભાવનાઓને હૃદય સુધી સ્પર્શી જવાની શક્તિ ધરાવે છે. સંગીત કલા ને તો સાહિત્ય કલાથી શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેનું વૈજ્ઞાનિક પ્રમાણ છે કે સંગીતને વ્યક્ત કરવાનું માધ્યમ સ્વર છે. સ્વર નિયમિત આંદોલન સંખ્યાઓથી ઉત્પન્ન થતો ધ્વનિ છે. જયારે આ નિયમિત આંદોલન સંખ્યા વાયુના માધ્યમ દ્વારા જયાં

સંખ્યાઓથી ઉત્પન્ન થતો ધ્વનિ છે. જયારે આ નિયમિત આંદોલન સંખ્યા વાયુના માધ્યમ દ્વારા જયાં જયાં સ્પર્શ કરતો જાય છે. ત્યાં પોતાની નિયમિત ધ્વનિ તરંગોનો પ્રભાવ છોડતો જાય છે. પરીણામ સ્વરૂપ ત્યાં અનિયમિત ધ્વનિનો પ્રભાવ ઓછો થતો જાય છે. અને આપણે જાણીએ છીએ કે જયાં અનિયમિતતા હશે ત્યાં આનંદની અનૂભુતિ નહિં હોય તેથી સંગીત જ એક એવી કલા છે જે મનુષ્ય ઉપર તથા સંસારની પ્રત્યેક તે વસ્તુઓ પર જયાં ધ્વનિ - તરંગો દ્વારા અનિયમિતતા દૂર કરી શકાય છે, ત્યાં પોતાનો પ્રભાવ સ્પષ્ટ પણે જોઈ શકાય છે. આ સિધ્ધાંત પર પ્રત્યેક પ્રાણી માત્ર અને વનસ્પતિઓ પર સંગીતનો પ્રભાવ જોઈ શકાય છે. જયાં સાહિત્ય પોતાનો પ્રભાવ પાડવામાં અસર્મથ છે. ત્યા સંગીત પોતાનો પ્રભાવ બતાવે છે.

સંગીત કલા દ્વારા ભાવનાઓને વિચિત્ર રૂપથી પ્રભાવિત કરવાનું એક કારણ એ પણ છે કે; આ સંસાર પાંચ તત્ત્વોનો બનેલો છે. આ પાંચ તત્ત્વોમાં આકાશતત્ત્વ સર્વવ્યાપ્ત છે. આકાશનો ગુણ 'શબ્દ' છે. શબ્દમાં ધ્વનિ અને અક્ષરથી બનેલા બંને પ્રકારોના શબ્દો આવે છે. આમાં અક્ષરો દ્વારા બનેલા શબ્દોનો અર્થાત્ સાહિત્યનો જયાં સુધી અર્થ સમજી શકીએ નહિ ત્યાં સુધી તેમાં આનંદ નહિ આવે પરંતુ ધ્વનિ રૂપી શબ્દને જો સંગીત દ્વારા વ્યક્ત કરીએતો આનંદ લેવા માટે તેનો અર્થ સમજવો આવશ્યક નથી. ભારતીય સંગીતમાં તરાના,ત્રેવટ જેવી રચનાઓ આ વાત સ્પષ્ટ કરે છે.

સંગીત એટલા માટે સર્વશ્રેષ્ઠ છે કે જગતમાં શબ્દ દ્વારા બધી અભિવ્યક્તિ થઈ શકે છે.પરંતુ જયારે શબ્દ મૂક થઈ જાય છે. ત્યારે સંગીત દ્વારા અભિવ્યક્તિ થઈ શકે છે. સંગીત ભાષાના બંધનથી મુક્ત થઈ શકે છે. સંગીત ભાષાના બંધનથી મુક્ત છે. આ એક વિશ્વવ્યાપી કલા છે.

**રવીન્દ્રનાથ ઠાકુર** એ કહયુ છે કે 'જયાં અભિવ્યંજનામાં કાવ્ય છે, ત્યાં સંગીતના પ્રથમ પગથીયાની શરૂઆત થાય છે.'[૭] જયાં શબ્દમયી લૌકિકભાષાની ગતિ મૂર્તપાય થાય છે. ત્યાં સંગીતની દીવ્ય ભાષાનો પ્રારંભ થાય છે. ત્યાં સંગીત સ્ફૂરી ઉઠે છે.

**ડો.સંપૂર્ણાનંદજી કહે છે કે** 'સંગીત શબ્દોથી દૂર થઈને સ્વરોથી કામ લે છે. સ્વરોની ભાષા સાર્વભૌમ છે.'

**જયદેવસિંહ ઠાકુર કહે છે કે** ' સંગીતની ભાષા સ્વર છે અને સ્વર માનવ માત્રની માતૃભાષા છે. (૮)

સંગીતમાં નાદના માધ્યમથી સૌંદર્યની સૃષ્ટિ રચાય છે. સંગીત આનંદની ચરમ સીમા સુધી પહોંચાડે છે. સંગીતનો વિષય શ્રોતાનું અંતઃકરણ છે.

સંગીતની અભિવ્યક્તિનો આધાર પ્રાયઃ સ્વયં - સંબંધ છે. પરસંબંધ નથી. સંગીતમાં કોઈ બાહ્ય આધારનો આશ્રય નથી લેવો પડતો. સંગીત પોતાના હૃદય માં ઉત્પન્ન નાદ દ્વારા ભક્તિ,કરૂણા,શ્રૃંગાર વિગેરે રસાત્મક ભાવો પ્રગટ કરે છે. સંગીતના નિર્માણમાં મનુષ્યને એક માત્ર પોતાના આત્માના પ્રતિબિંબને સન્મુખ રાખવો પડે છે.

બ્રહ્માંડના કણકણનું રહસ્ય જેમાં સમાયેલું છે. તેવા વેદો જેનો કોઈ આદિ નથી કે અંત નથી; જે અનાદિ છે. તેવા વેદોમાં પણ સંગીતના મહાત્મયનું વર્ણન જોવા મળે છે. એવું કહી શકાય કે વેદોની એક એક ઋચામાં સંગીત સમાયેલું છે.

- **ઋગ્વેદ :-**

ઋગ્વેદમાં ગીત માટે ગીર્, ગાતું, ગાથા,ગાયત્રી, ગીતિ તથા સામ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. ઋગ્વેદની ઋચાઓ સ્વરાવલિમાં નિબધ્ધ હતી તેથી તે 'સ્તોત્ર' કહેવાતી. ઋચાઓના બે પ્રકાર છે.

**(૧)શાસ્ત્ર**

**(૨)સ્તોત્ર**

સ્તોત્રનું ગાન 'ઉદ્ગાત' આદિ ગાયકો ઋતિત્ત્વજોના દ્વારા તથા શાસ્ત્રનું પઠન'હોતા' નાં દ્વારા થતું હતું. ઋગ્વેદમાં ગાયનની સાથે વાદ્યોનો પ્રયોગ પણ પ્રચલિત હતો. વાદ્યોમાં દુન્દુભિ,વાણ, નાડી, વેણું, કર્કરી,ગર્ગર,ગોધા,પિંગ તથા આધાટિ. દુન્દુભિના ગંભીર ધ્વનિનો ઉલ્લેખ ઋગ્વેદમાં અનેક વખત જોવા મળે છે. ઋ.૧/૨૮/૫ યુધ્ધમાં દુન્દુભિ પોતાની ગંભીર ધ્વનિ માત્રથી

વિપક્ષીઓને પરાજીત કરે છે. તેવી માન્યતા તથા ઋગ્વેદના શાટ્યાયન બ્રાહ્મણના આધાર પર તેવું સ્પષ્ટ થાય છે કે તે સમયે મંગળવાદ્યોના રૂપમાં વિણા જેવા વાદ્યોને વગાડવામાં આવતા. ઋ.૨/૪૩/૩ માં કર્કર વાદ્યનો ઉલ્લેખ પણ આમ જ છે. નૃત્ય કલાનું પણ અસ્તિત્ત્વ જોવા મળે છે. નૃત્યનો કાર્યક્રમ ખુલ્લા પ્રાંગણમાં તથા ઉન્મુક્ત વાતાવરણમાં તથા સામુહિક નૃત્યની ચર્ચા ઋ. ૧૦/૭૬/૬માં જોવા મળે છે. ઋગ્વેદનાં મંત્રોની સાથે વિવિધ ગતિક્રમોમાં યુક્ત લોકનૃત્યનો ઉલ્લેખ પણ છે.

ઋગ્વેદમાં ગીત,વાદ્ય તથા નૃત્ય ત્રણેનું પ્રચલન જોવા મળે છે. ઋગ્વેદમાં શાંખાયન બ્રાહ્મણના મતાનુસાર આ ત્રણે શિલ્પોનો પ્રયોગ પ્રાયઃ અભિન્ન સહચાર્યના રૂપમાં પ્રાપ્ત થાય છે.

**'त्रिवृद्धै शिल्पं नृत्यं गीतं वादितमिति'।।**

(ઋગ્વેદ. ૨૯ .૫)

એતેરય બ્રાહ્મણના મતાનુસાર આ શિલ્પોની ગણના દૈવી શિલ્પોમાં છે. તથા આની સહાયતાથી યજમાનનું વ્યક્તિત્ત્વ સુસંસ્કૃત થઈ જાય છે. [૪]

(ઋગ્વેદ. ૭/૩૨/૨૦)

● **યજુર્વેદ : -**

સંગીતના વિકાસની દષ્ટિથી યજુર્વેદનું કોઈ મહત્ત્વ જોવા મળતું નથી પરંતુ સમ્બુદ્ધ બ્રાહ્મણ ગ્રંથોના સુત્રગ્રંથના આધાર પર સંગીત વિષયક તથ્યો જોવા મળે છે. પરંતુ યજુર્વેદના સંગીતનો મુખ્ય આધાર સામવેદ છે. [૫]

યજુર્વેદ યજ્ઞ સંબંધી કર્મકાંડની સુવિધા માટે છે. સામ તથા લૌકિક સંગીતની વિસ્તૃત માહિતી યજુર્વેદમાં જોવા મળે છે. શુક્લ યજુર્વેદમાં નર્તક,ગાયક,વીણાવાદક,બંસીવાદક,શંખદમ(શંખ ફુંકનાર),દુન્દુભિવાદકનો ઉલ્લેખ છે. જે સંગીતના વિભિન્ન વર્ગોનો સ્પષ્ટ ઉલ્લેખ કરે છે.

**(१) नृताय सूतं । गीताय शैलूषम् । वाजसनेवी (३.कं.६)**

(२) महसे वीणावादम् । क्राशोय तूणवद्धमम् । अवरस्वराय

शंखध्मम् । आनंदाय तलवम् ।[૯]

(તૈતી - બ્રાહ્મણ ૩/૪/૧૩ તુલનાર્થ દ્ર. શુક્લ યર્જુસંહિતા અ ૩૦/૧૧)

વાદ્યોના વ્યવસાયી કુશળ સંગીતકારોનો વિભિન્ન વર્ગ તે સમયે નિર્મિત હતો. જે અભ્યાસના આધારે જાણી શકાય છે.

● **અથર્વવેદ : -**

અથર્વવેદમાં સામ સંગીતનો ઉલ્લેખ જોવા મળે છે. તથા આ વેદનો સાંગીતિક આધાર સામવેદ છે. તેવું સ્પષ્ટ પણે માલુમ થાય છે.

વિશિષ્ટ સામો તથા સ્તોત્રોના સિવાય ગાથા,નારાશંસી,રૈભી વગેરે લૌકિક ગીતોનું ગાન વિવાહ વગેરે પ્રસંગોમાં પર કરવામાં આવતુ. સામુહિક ગાનનો પણ ઉલ્લેખ જોવા મળે છે.

गणास्त्वोव गायन्तु मारुताः । पर्जन्य घोषिण : पृथक् ।

(અથ: ૪/૧૫/૪)

વિવિધ અવસરો તથા યજ્ઞમાં ગીત,વાદ્ય તથા નૃત્યનો પ્રયોગ તે સમયે થતો હશે. ગીત વાદ્ય તથા નૃત્યનો સામુહિક ધ્વનિનો ઉલ્લેખ પણ છે.

यस्यां गायन्ति नृत्यन्ति भम्यां मर्त्या व्यैलवा : ।

युध्धन्ते यस्यामाक्रन्दो यस्यां वदति दुन्दुभि : ।।

(અથ:૧૨/૧/૪૧)

અથર્વવેદમાં સંગીતનું સ્થાન ફકત લૌકિક પ્રસંગો પર જોવા મળે છે. આ વેદનું સંગીત સામસંગીત જેટલું ઉચ્ચ શ્રેણીનું ન હતુ.

● **સામવેદ :-**

સામવેદ પ્રાચીન સંગીતની દષ્ટ્રિથી એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જૈમિનીય સૂત્રના અનૂસાર ગીતિના માટે સામ સંજ્ઞા છે. 'गीतिषु सामरव्या' એટલે કે જે મંત્ર ગાવામાં આવે છે તે સામ છે.

યજ્ઞની વૃધ્ધિના કારણે ઉદ્દાતા નામક ૠત્વિજોનો એક સ્વતંત્ર વર્ગ બની ગયો. તેઓના માટે સ્વતંત્ર સંહિતા ગ્રંથની આવશ્યકતાનો અનુભવ થયો. યજ્ઞોની પ્રારંભિક અવસ્થામાં આ કાર્ય માટે એવા ગાયક વિદ્વાનો પસંદ કરવામાં આવતા હતા જે આવશ્યક ૠચાઓને સુસ્વર સ્વરાવલિમાં ગાઈ શકે. આ સ્વરાવલિયોનું જ્ઞાન પરંપરા તથા તત્કાલિન લોક સંગીતથી ગ્રહણ કરવામાં આવતું હશે. સંગીતનો ઉપયોગ ધર્મકૃત્યોમાં આવશ્યક હતો. તેમજ લૌકિક સમારોહમાં પણ યજ્ઞોની વૃધ્ધિની સાથે સંગીતના પુર્ણ ૠત્વિજોની આવશ્યકતા પડી જેથી સામંગોનો એક સ્વતંત્ર વર્ગ બની ગયો. જેઓનું કાર્ય હતું ૠગ્વેદની ૠચાઓને શાસ્ત્રીય તથા પરંપરાનુગત ગાયન કરવું. તથા આજ ૠચાઓને એક સ્થાન પર સંકલિત કરવાથી સામવેદનું નિર્માણ થયું. સામવેદના બે પ્રધાન ભાગ છે. ૧.આર્ચિક ૨.ગાન. 'આર્ચિક' જે કેવળ ૠગ્વેદની ૠચાઓનો સંગ્રહ માત્ર છે. 'ગાન' જે માં ૠચાઓને એક વિશિષ્ટ વર્ગ દ્વારા સ્વરબધ્ધ ગાવું. ગાન ચાર પ્રકાર ના છે...

૧) ગ્રામગેયજ્ઞાન

૨) આરણ્યકગાન

૩) ઉહાગાન

૪) ઉહયગાન

સામગાનનું પ્રમાણભૂત તત્ત્વ સ્વર છે. સામનો આરંભ ૐ સ્વરથી કરવામાં આવે છે. સામગાનનું સમાપન પણ તેજ સ્વરથી કરવામાં આવે છે. સામગાન મંદ્ર; તારતર તથા તારતમ આ ત્રણે કંઠ સ્થાનોમાંથી કરવું આવશ્યક છે. (૭/૧/૭ સામવેદ). પ્રમુખ સામગાયકોની સાથે ઉપગાતાઓનું પણ સ્થાન હોય છે. જેઓ પ્રમુખ ગાયકની પાછળ ગાતા હોય છે. જે આપણે આધુનિક સમયમાં જોઈ

શકીએ છીએ. ઉપગાતા ફક્ત 'હો' અથવા 'ઓમ' ધ્વનિ દ્વારા સંગતિ કરતા હોય છે. તે વખતમાં ગાયનની શરૂઆત મંદ્ર સ્વરથી કરવામાં આવતી હતી. સામગાનમાં પ્રમુખ ત્રણ સ્વરનો પ્રયોગ થતો. સામના અર્ચિક નામના સંહિતા ગ્રંથમાં મુખ્ય સ્વરોનો વ્યવહાર થતો હતો. તેને ઉદ્દૃત;અનુદ્દૃત; અને સ્વરિત કહેતા સામના સાત સ્વરોની ઉત્પત્તિ આ ત્રણ સ્વરોથી માનવામાં આવે છે.

સામવેદના વાઙ્મયમાં વાદ્યોનો ઉલ્લેખ છે. કાણ્ડવીણા,પિચોલ,તુણવ, દુન્દુભિ વગેરે.

● **ઉપનિષદઃ-**

ઉપનિષદ ભારતીય ચિંતન ધારાનું પ્રમુખ સ્ત્રોત છે. ભારતીય તત્ત્વજ્ઞાન તથા ધર્મસિધ્ધાન્તોની સંહિતા 'આજ સ્તોત્ર' થી પ્રવાહિત થાય છે. ઉપનિષદોના અંર્તગત સામનો આધાર સ્વર છે. અને સ્વર નો આધાર પ્રાણ છે.(૯)

**''वागेवर्क् प्राणः सामोमित्येतदक्षरमुद्गीथस्तद्वा**

**एतन्मिथुनं यद्वार्क् चप्राणश्चर्क च साम च''** (૧૦)

(છન્દો ઉપ. ૩/૧/૫)

યજ્ઞની સફળતા માટે સ્વરસંપન્ન ગાન પરમ આવશ્યક છે. તથા બ્રહદારણ્યકમાં સ્વરનું મહત્ત્વ સામગાન માટે સુવર્ણ તુલ્ય બતાવવામાં આવ્યુ છે.

કઠોપનિષદમાં યમરાજ નચિકેતાને સંગીતના દિવ્યાનંદનું વર્ણન કરતા કહયુ છે કે.

**-ये ये कामा दुर्लभा मृर्त्यलोके स्वान्क मान्छ्न्दतः प्राथयस्व ।**

**इमा रामाः सरताः सतूर्या नहींदृशा लभ्मनीया मनुष्यैः ॥**

**-अपि सर्व जीवितमल्येमेव तवैवय वाहास्तव नृत्तगीते ॥** (૧૦)

સંગીતથી ઉત્પન્ન થવાવાળો રસ વિશુધ્ધ આનંદમય તથા બ્રહ્માનંદ સહોદર બતાવવામાં આવ્યો છે.

**'रसो वै सः । रसं ह्येवायं लब्ध्वानन्दी भवत्ति' ।।**

(તૈતરય ઉપ. - અનુ -૭)

નૃસિંહપુર્વતાપિની ઉપનિષિદમાં સામનાં સાંગ રૂપને જાણવાવાળો પુરૂષ અમરત્વને પ્રાપ્ત કરે છે.

**'तस्मादिदं सांगं साम जानीयाद्यो जानी ते सोडमृत्त्वं च गच्छत्ति'** (૧૦)

છંન્દોગ્યમાં 'ગાથા' તથા 'ગેષ્ણ' શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. ગેષ્ણનો સંબંધ ગાયક થી છે. છન્દોગ્યમાં આ તથ્યનો સ્પષ્ટ પ્રમાણ ઉપલબ્ધ છે કે તે કાળમાં સંગીત વિષયક ચિંતન થવા લાગ્યું હતુ. તથા સંગીતના ઉદ્દેશ,ગુણદોષ વિગેરે સંબંધી ચર્ચા વિદ્વાનોમાં થતી શિલક,दालभ्य તથા प्रवाहण આ સામગોમાં સામના યથાર્થ સ્વરૂપોની ચર્ચા થતી હતી. એ વાત પર બધાનો એક મત હતો કે સામની ગતિ સ્વર છે. તથા સ્વરનો ઉદ્ભવ પ્રાણ તત્ત્વથી છે.

**'का साम्नो गत्तिरित्ति स्वर इत्ति होवाच स्वरस्य का**
**गत्तिरित्ति प्राण इत्ति होवाच ।** (૧૦)

- **પરમ પૂજ્ય શ્રી રામ શર્મા આચાર્ય કહે છે કે.....**

અક્ષર પરબ્રહ્મ પરમાત્માની અનુભૂતિ માટે ખરેખર તો સંગીત સાધનાથી ચઢિયાતું કોઈ માધ્યમ નથી આથી અહીની ઉપાસના પધ્ધતિઓથી લઈ ને કર્મકાંડ સુધી સર્વત્ર 'સ્વર' સંયોજન અનિવાર્ય રહયુ છે. મંત્ર ખરેખર તો છંદ છે. વેદોની પ્રત્યેક ઋચાનો કોઈ ઋષિ કોઈ દેવતા તો હોય છે. પરંતુ આ મંત્રોના ઉચ્ચારણમાં તાલ,લય,યતિ, વગેરે નિર્ધારિત છે. જેમ અમુક અંતરથી અમુક સ્ટેશન રેડીયો પર વાગે છે. તેવી રીતે અમુક યતિ,લય,અને તાલના ઉચ્ચારણથી જ મંત્ર સિધ્ધ થાય છે. આ એનું વિજ્ઞાન છે.

કોલાહલ અને સમસ્યાઓથી ભરેલા આ સંસારમાં માનવને કોઈ ઈશ્વરદત વરદાન મળ્યું હોયતો તે સંગીત છે. સંગીતથી માનવની સર્જન શક્તિનો વિકાસ અને આત્મિક પ્રફુલ્લતા મળે છે. જન્મથી લઈ ને મૃત્યુ સુધી, લગ્નોત્સવથી માંડીને ધાર્મિક ઉત્સવો સુધીના પ્રસંગો માટે ઉચિત સંગીતના સાગરની બક્ષિસ આપીને પરમાત્મા એ માનવીની પીડાને ઘટાડી છે. અને માનવીય ગુણોથી પ્રેમ અને પ્રસન્નતામાં વૃધ્ધિ કરી છે.

- **શાસ્ત્રો કહે છે.**

**'सवरेय सल्लयेत योगी ।।'**

સ્વર સાધના દ્વારા યોગી પોતાની જાતને તન્મય બનાવે છે.

**अभि स्वरन्ति बहवो मनीषियो राजा नमस्य भुवनस्य निसते : ।।**

(ઋગ્વેદ ૦/૮૫/૬)

એટલે કે કેટલાયે મનીષિયો વિશ્વના મહારાજાધિરાજ ભગવાન સાથે સંગીતમય સ્વરથી સંબંધ જોડે છે. અને તે દ્વારા તેને પ્રાપ્ત કરે છે.

**स्वरनित्वा सुते नरो वसो निरेक उकिथतः।।** [૧૧]

(ઋગ્વેદ ૮/૩૩/૨)

શિષ્ય તું તારા આત્માની ઉન્નતિ કરવાની ઈચ્છાથી મારી પાસે આવ્યો છે. હું તને ઈશ્વરનો આદેશ આપુ છુ. તું એને પ્રાપ્ત કરવા માટે સંગીત સાથે તેને પોકારીશતો એ તારી હૃદયગુફામાં પ્રગટ થઈને પોતાને પ્રેમ પ્રદાન કરશે.

- સ્વર્ગીય સૌંદર્યનું કોઈ સાકાર રૂપ અને સજીવ પ્રદર્શન હોયતો તે સંગીત છે.[૧૧]

**(રવિન્દ્રનાથ ટેગોર)**

● સંગીતને આત્માની ઉન્નતિ; ચરિત્ર્યની,દ્રઢતા; કલા અને સુરુચિના વિકાસનું મહત્ત્વનું સાધન માન્યું છે.[૧૧]

(રસ્કિન)

● મનુષ્યના જીવનમાં નીતિબધ્ધતા અને યોગ્યયોગ્યતાના ગુણોનું આરોપણ કરવું હોયતો પ્રાથમિક શિક્ષણક્રમમાં સંગીતને સ્થાન હોવું જોઈએ.[૧૨]

(એરિસ્ટોટલ)

● માનસિક વ્યથા જ્યારે અસહ્ય અને અસાધ્ય બની જાય છે, જ્યારે એને કોઈપણ જગ્યાએ સહારો મળતો નથી, જ્યારે એ રૂદન અને આક્રંદની ગોદમાં પણ આશ્રય પામી શકતો નથી ત્યારે એ સંગીતના ચરણોમાં જઈને ઢળે છે.[૧૨]

(અમર નવલકથાકાર મુનશી પ્રેમચંદજી)

● <u>ગ્રીક સંસ્કૃતિના મહાન ગણિતવેતા પાઈથાગોરસના પાઈથાગોરીયન મતવાદીઓના મતાનુસાર</u> સંગીતમાં માનવતાનાં તત્ત્વો રહેલા છે. આનંદ આપનારી કલાઓમાં સંગીત મુખ્યત્વે અનુકરણ કરે છે. દેવી રચનામાં રહેલી સંવાદિતાનું માનવ સંગીત મુખ્યત્વે અનુકરણ કરે છે. અથવા સ્વર્ગીય પદાર્થો, તારામંડળ,નક્ષત્રમંડળ વગેરેની કક્ષા એમની ગતિથી નિર્માણ થાય છે. સ્વરસપ્તકનું સંવાદિતાયુક્ત અંતર પણ એ જ પ્રમાણ પર રચાયેલું છે. આત્મા પણ સંવાદિતા જ છે. અથવા અંકના પ્રમાણની એકરાગતા છે. સંગીતના બે પ્રકારો છે. કર્કશ અને કડક સુરોમાંથી વિગ્રહની ઉતેજક ભાવનાઓ પેદા થાય છે, અને મૃદુ,કોમળ સ્વરોમાંથી નમ્રતા અને માધુર્યની ભાવના જગાવવાની શકિત સંગીતમાં રહેલી છે. તેથી સંગીત દ્વારા કઠોર અને આવેશમય સ્વભાવને શાંત અને નમ્ર બનાવી શકાય છે. તેમજ નિરાશા અને ચંચળ-વૃત્તિમાંથી ઉત્સાહ અને પ્રવૃતિમય શકિત ઉત્પન્ન કરી શકાય છે. [૧૨]

● આ ગીતના માહત્મ્યની કોણ પ્રશંસા કરવામાં સમર્થ છે ? [૧૩]

(પં. સારંગદેવ)

● પ્રાકૃતિક રચનાક્રમનો પ્રતિફલન જ સંગીત છે.[૧૩]

(હર્મિસ)

● સંગીત દૈવી વિદ્યા છે. આ ચંચલ ચિત્તની વૃત્તિઓને શાંત કરી યોગ-સાધના જેવો આનંદ આપે છે.[૧૩]

(સિયારામ તિવારી)

● સંગીત સમસ્ત વિજ્ઞાનનો મૂળ આધાર છે. તથા ઈશ્વર દ્વારા તેનું નિર્માણ વિશ્વની વર્તમાન પ્રવૃત્તિઓના નિરાકરણ માટે થયું છે.

(થીયરી ઓફ અરબ મ્યુઝિક પૃ.-૬૪)

● વિણા વગાડવાના તત્ત્વને જાણવાવાળા, શ્રુતિયો તથા સ્વરોના જાતિ-ભેદ ને સમજવાવાળા તથા તાલના 'તાલમાપ' ને જાણવાવાળા જ મોક્ષમાર્ગ માટે અગ્રેસર હોય છે.[૧૪]

(પં. અહોબલ)

● સંગીત વિશ્વના અણુ-અણુમાં વ્યાપત છે.[૧૪]

(પાયથાગોરસ)

● સંગીતનો ધ્વનિ ભકિતનો સંદેશ સંભળાવીને ઉચિત માર્ગ પર જવા માટે પ્રેરીત કરે છે.[૧૫]

(ફકીરૂલ્લા)

● દરેક વ્યકિતના જીવનમાં આધ્યાત્મિક મહત્તાના કારણે જ ભારતીય સંસ્કૃતિમાં પ્રત્યેક કલાનો ઉચ્ચતમ ધ્યેય આધ્યાત્મિક આનંદ પ્રદાન કરવાનો છે. ભારતીય કલાનું પ્રધાન લક્ષ પાર્થિવ આનંદની તૃપ્તિ અથવા કોઈ વૈષયિક લાભ અથવા શ્રૃંગારિક્તાને ઉદિપ્ત કરવા અને વિષયભોગ્યની પ્રવૃતિ કરવા માટે નથી. પરંતુ બધી કલાઓમાં ભક્તિ,ધર્મ,અને ઉપાસના પ્રદાન કરવા માટે છે. બધી કલાઓમાં આધ્યાત્મિક પક્ષની પ્રધાનતા હોવાના કારણે, ભારતીય સંગીત કલા પણ પ્રારંભથી ધર્મની સાથે ચાલી છે. સંગીતકલાનો ચરમ આદર્શ મોક્ષ પ્રાપ્તિ, આત્માથી પરમાત્માનું મિલન તથા

પરમશાંતિને પ્રદાન કરવા માટે માનવામાં આવે છે.[૧૧]

(પરમ પૂજ્ય રામશર્મા આચાર્ય)

● સંગીતની સ્વર લહરીઓ તેમની નિર્જીવ શક્તિઓને નષ્ટ કરીને હૃદયને પવિત્ર અને સુંદર ભાવોથી ભરીદે છે.[૧૬]

(બેબરીજ)

● જ્યાં સંગીત છે. ત્યાં ઈશ્વર નિવાસ કરે છે. સ્વયં વિષ્ણુજીએ નારદજીને કહયુ કે 'હે નારદ ! ન તો હું વૈકુંઠ માં રહું છું ન તો યોગીઓના હૃદયમાં જ્યાં મારા ભક્ત ગાન કરે છે. ત્યાં હું નિવાસ કરૂ છું [૧૭]

(પં. અહોબલ)

● જે મનુષ્ય સંગીત કલા જાણતો નથી અને જેની ઉપર સંગીતની અસર થતી નથી તે રાજદ્રોહી તથા સમાજદ્રોહી છે.[૧૮]

(શેક્સપિયર)

● સંગીતમાં ક્રોધને નિયંત્રણ કરવાની શક્તિ છે. તેનાથી અપૂર્વ શાંતિ પ્રાપ્ત થાય છે. સંગીત હૃદય પર પોતાની અમિટ છાપ લગાવી દે છે.[૧૯]

(ગાંધીજી)

● જે મનુષ્યનું હૃદય સંગીતના મધુર સ્વરથી ધબકતું નથી તે પોતાના આત્માની સાથે મૃત્યુની અંતીમ શ્વાસો ગણે છે. [૧૮]

(સ્કાટ)

● પાર્વતીપતિ મહાદેવ ગીતમાં અત્યંત સંતુષ્ઠ થાય છે. તથા ગોપી પતિ (શ્રીકૃષ્ણ) જે અનંત છે. તે સંગીત ધ્વનિને વશીભૂત છે.[૨૦]

(પં. રામામાત્ય)

● સંગીતથી મનુષ્યના સ્વભાવમાં સમાનતા આવી જાય છે. યોધ્ધાઓના હૃદયમાં આ નવજીવનનો

સંચાર કરે છે. અને દુ:ખી પ્રેમીઓના ઘામાં ઔષધિના રૂપમાં કામ કરે છે.[૨૧]

- સંગીત મનુષ્યને દયાળુ, નીતિશીલ અને બુધ્ધિમાન બનાવે છે. સંગીત ઈશ્વરીય કલા છે. જે મનુષ્યના દુ:ખને દૂર કરી શાંતિ આપે છે. [૧૬]

**(લુથર)**

- સંગીત આપણને જીવન આપે છે. જીવન લેતું નથી. સંગીત વિનાશનું સાધન ન હોઈ શકે તે તો મૃત્યુમાં પણ જીવન ફૂંકી શકે છે.[૨૨]

**(કુમારી હીવ્લસ)**

પંડિત રામશર્મા આચાર્ય રચિત પુસ્તક શબ્દબ્રહ્મ નાદબ્રહ્મના પૃ.૧૧૨ અને ૧૧૩ ઉપર નીચે પ્રમાણે વિદ્વાનોના મંતવ્યો દર્શાવ્યા છે.

- સંગીતથી આત્માની મલિનતા ધોવાય છે.

**(ઓવર વેચ)**

- ઉંડાણમાં ઉતરો,તમને પ્રત્યેક પદાર્થના અંતરંગમાં એક દિવ્ય સંગીત વહેતું જણાશે.

**(કાર્લાઈલ)**

- સંગીત માનવની વિશ્વભાષા છે.

**(લોંગ ફેલો)**

- સંગીતની પાછળ-પાછળ પરમેશ્વર ચાલે છે.

**(શેખ સાદી)**

- દુનિયા મારી સાથે ચિત્રોમાં વાત કરે છે મારો આત્મા એનો ઉત્તર સંગીતમાં આપે છે.

**(રવિન્દ્રનાથ ટાગોર)**

- જે રાષ્ટ્રનું સંગીત પોતાની આત્મીય ચમક ખોઈ બેસે છે. તે પોતાના આંતરિક ઐશ્વર્યને લોપ કરી બેસે છે. તથા પોતાના પાવન રૂપને નષ્ટ કરી નાખે છે. તે રાષ્ટ્ર ક્યારેય શક્તિશાળી બની શકતું નથી.

કોઈપણ રાષ્ટ્રના ગૌરવને સજીવન રાખવા માટે સંગીત તથા તેના ઐતિહાસિક તત્વોને પ્રાણવાન રાખવા જોઈએ.[૨૩]

**(વિખ્યાત કલાકાર ઓલ જીલ)**

સૃષ્ટિના ઉદ્ગમથી લઈને પ્રલયની કાળી સંધ્યા સુધી સંગીતના અસ્તિત્ત્વનો સ્વીકાર કરવોજ પડે છે. જીવન ગ્રંથના પૃષ્ઠોને કોઈપણ બાજુથી ઉથલાવો કોઈપણ અધ્યાય નહી મળે, જયાં સુધી સંગીત નહિં હોય. માનવે જન્મ લેતા ગીત સાંભળ્યુ અને મૃત્ય પર પણ ગીત સાંભળતા સ્મશાન યાત્રા કરી. ''રામનામ સત્ય''ની ધ્વની સાથે સ્થૂલશરીર શૂન્યમાં ખોવાઈ ગયું.

- **Music is the Answers to Many Melodies.**

સંગીત સર્વ ઉર્મિઓનો જવાબ છે.

- **Music is the speach of angels.**

સંગીત દેવોની ભાષા છે.

- **Music is the universal tongue.**

સંગીત સમગ્ર બ્રહ્માંડની ભાષા છે.

- **Music pleases and relaxes all.**

સંગીત સર્વેને પ્રસન્નતા અને હળવાશ અર્પે છે.

- **Music can bring the dead back to life.**

સંગીત મૃતને પુર્નજીવન બક્ષવાનું સામર્થ્ય ધરાવે છે.

# પાદટીપ

| | |
|---|---|
| ૧. ત.ઉ.વિ.વા.શૈ. | પૃ.૧,૨ |
| ૨. ભા.સં.ઈ. | પૃ.૩ |
| ૩. ભા.સં.તા.રૂ. | પૃ.૬૩ |
| ૪. ભા.સં.વા. (સંગીત કી વિવેચના) | |
| ૫. ભા.સં.વા. | પૃ.૨ |
| ૬. ભા.સં.એ.મ. | પૃ.૬૭,૨૩,૨૪ |
| ૭. 'સંગીત' માસિક | પૃ.૯ |
| ૮. મ.ધ.શા.સં.તુ.અ. | પૃ.૮૩ |
| ૯. ભા.સં.ઈ. | પૃ.૧૯,૨૮,૭૦ |
| ૧૦. ભા.સં.ઈ. | પૃ.૧૦૪,૧૦૫,૧૦૬,૧૦૯ |
| ૧૧. શ.ના. | |
| ૧૨. રૂ.ક. | પૃ.૯૪,૯૨ |
| ૧૩. મ.ધ.શા.સં.તુ.અ. | પૃ.૯૨ |
| ૧૪. સં.પા. | પૃ.૬ શ્લો.૧૮ |
| ૧૫. રા.દ. | પૃ.૫૩,૫૪ |
| ૧૬. The New Dictionary Of Thoughts | P.413-14 |
| ૧૭. સં.પા. | પૃ.૧૭,૧૮ |
| ૧૮. મ.ધ.શા.સં.તુ.અ. | પૃ.૨૦,૨૧ |
| ૧૯. Influence Of Music | P.100 |
| ૨૦. સ્વરમેલ કલાનીધિ | પૃ.૧૧ |
| ૨૧. હિ.કૃ.ભ.કા.શા.સં. | પૃ.૭૭,૭૮ |
| ૨૨. 'સંગીત' માસિક (ફેબ્રુ. ૧૯૫૫) | પૃ.૩૦ |
| ૨૩. રૂ.ક. | પૃ.૧૪૨ |

# સંદર્ભ ગ્રંથ સુચિ


| પુસ્તકનું નામ | લેખક | પુસ્તકનું ટુંકુ નામ |
|---|---|---|
| ભારતીય સંગીત વાદ્ય | ડો.લાલમણી મીશ્રા | ભા.સ.વા. |
| સંગીત રત્નાકર | પં.શારંગદેવ | સં.ર. |
| ભારતીય સંગીત એવમ્ -મનોવિજ્ઞાન | વસુધા કુલકર્ણી | ભા.સં.એ.મ. |
| મધ્યકાલીન ધર્મે મે શાસ્ત્રીય -સંગીતકા તુલનાત્મક અધ્યયન | જીતેન્દ્રસિંહ ખન્ના | મ.ધ.શા.સં.તુ.અ. |
| ભારતીય સંગીત કા ઇતિહાસ | ડો.શરચન્દ્રશ્રીધર પરાંજપે | ભા.સ.ઈ. |
| રૂપપ્રદ કલા | માર્કંડભટ્ટ | રૂ.પ. |
| સંગીત પારીજાત | પં. અહોબલ | સં.પા. |
| રાગ દર્પણ | ફકીરૂલ્લાહ | રા.દ. |
| Influence of Music | M.K.Gandhi | |
| સ્વરમેલ કલાનીધી | પં. રામા માત્ય | સ્વ. ક. |
| હિન્દી કે કૃષ્ણભક્તિ કાલીન -સાહિત્ય મેં સંગીત | ઉષા ગુપ્તા | હિ.કૃ.ભ.સા.સં. |
| તબલેકા ઉદ્દ્ગમ વિકાસ -ઔર વાદન શૈલિયાં | ડો.યોગમાયા શુકલ | ત.ઉ.વિ.વા.શૈ. |
| -'સંગીત' માસિક ફેબ્રુ. ૧૯૫૫ | હાથરસ પ્રકાશન | |
| શબ્દબ્રહ્મ નાદબ્રહ્મ | પં રામશર્મા આચાર્ય | શ.ના. |